# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## BATTERY VEHICLES

રાજ્યમાં બેટરી સંચાલિત દ્વિ-ચક્રીય વાહન માટે નાણાકીય સહાય યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 53 હજાર વિદ્યાર્થીએ વાહનની ખરીદી કરી છે. આ માટે તેમને 56 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. જ્યારે ત્રિ-ચક્રીય વાહન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 925 લાભાર્થીને 4 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. રાજ્યના ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળૂભાઈ બેરાએ જણાવ્યું કે, બેટરી સંચાલિત તેમ જ CNG વાહનનો ઉપયોગ એ પ્રદૂષણ ઘટાડવાનો સરળ ઈલાજ છે.

શ્રી બેરાએ ઉમેર્યું કે, રાજ્યના નાગરિકોને ઇલેક્ટ્રિક વાહનો પ્રત્યે વધુ જાગૃત અને પ્રોત્સાહિત કરવા ત્રિ-ચક્રીય વાહન પર 48 હજાર રૂપિયા અને અને દ્વિ-ચક્રીય વાહન પર 12 હજાર રૂપિયાની સહાય સીધા જ તેમના ખાતામાં જમા કરવામાં આવે છે.

-------------------

## LRD PSI EXAM

**એપ્રિલ મહિનામાં પોલીસ સબ-ઇન્સ્પેક્ટર PSI માટે 4 લાખ 47 હજાર અરજી અને લોકરક્ષક દળ માટે 9 લાખ 70 હજાર અરજી આવી હતી. હવે ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં મગાવેલી અરજીમાં PSI માટે 51 હજાર 800 જેટલી અને લોકરક્ષક દળ માટે 1 લાખ 35 હજાર જેટલી અરજી**

આવી છે. આ અંગે લોકરક્ષક અને PSI ભરતી બૉર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે માહિતી આપી હતી.

**(બાઈટ – હસમુખ પટેલ)**

----------

## GUJ. UNIVERSITY QR CODE MARKSHEET

ગુજરાત યુનિવર્સિટી દ્વારા પહેલા અને બીજા સેમિસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિશેષ QR કૉડ લગાવેલી માર્કશીટ અપાશે. અમદાવાદના અમારા પ્રતિનિધિ કરણ પરમાર જણાવે છે કે, આ વ્યવસ્થાના કારણે હવે માર્કશીટ સાથે ચેડા થવા, નામ, ગુણમાં સુધારો કરવા જેવી ગેરરીતિને અટકાવી શકાશે.

આ અંગે ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિ ડૉ. નીરજા ગુપ્તાએ જણાવ્યું કે, QR કૉડ લાગુ કરવાના કારણે હવે માર્કશીટની સલામતી વધશે. તેમ જ ભવિષ્યમાં કોઈ વિદ્યાર્થીઓએ માર્કશીટ સાથે ચેડાં કર્યા હોય તો તેને પકડી શકાશે.

-----------------------------------------------

## STATE RAIN REPORT

રાજ્યમાં વરસાદના ઘટતા જોર વચ્ચે છેલ્લા 24 કલાકમાં 21 જિલ્લાના 80 તાલુકામાં સરેરાશ સવા 5 મિલીમીટર વરસાદ નોંધાયાના

અહેવાલ છે. સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં અત્યાર સુધીમાં વર્ષ 2022 પછી મોસમનો સરેરાશ કુલ 123 ટકા વરસાદ વરસ્યો છે.

હવામાન વિભાગે આજે અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર અને નર્મદામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે આવતીકાલે પંચમહાલ, વડોદરા, દાહોદ અને છોટાઉદેપુરમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધમાં હાલ કુલ સંગ્રહક્ષમતાના 89 ટકા પાણીનો સંગ્રહ નોંધાયો છે. હાલમાં રાજ્યના 119 બંધ 100 ટકા, 45 બંધ 70થી 100 ટકા અને 20 બંધ 50થી 70 ટકા વચ્ચે ભરાઈ ગયા છે. જ્યારે 143 બંધ હાઈ-અલર્ટ, 12 બંધ અલર્ટ અને નવ બંધને ચેતવણી પર રખાયા છે.

---------------------

## DISTRICT RAIN

રાજ્યના વિવિધ ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે.

મહીસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે ખાનપુર કડાણા સંતરામપુરમાં 1 ઇંચ કરતા વધારે વરસાદ વરસ્યો છે. કણાડા બંધમાં હાલ 65 હજાર ક્યૂસેક પાણીની આવક થતાં 6 દરવાજા ખોલી 60 હજાર ક્યૂસેક પાણી મહીસાગર નદીમાં છોડાયું હતું.

બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે જિલ્લાના અમીરગઢ નજીક કલેડી નદીમાં નવા નરી આવ્યા છે. 4 દિવસ

ના વિરામ બાદ ગત મધરાતથી જિલ્લાના ધાનેરા પંથકમાં વરસાદ પડ્યો હતો. વહેલી સવારે પણ જિલ્લાના 7 તાલુકાઓમાં ઝરમર વરસાદ પડ્યો હતો. 7 તાલુકામાં વરસાદની સ્થિતિ નહીવત છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ક્યાંક હળવો તો ક્યાંક 1 થી 2 ઇંચ વરસાદ ખાબક્યો હતો.

નવસારીના પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે ગતરાત્રે બે વાગ્યાથી જિલ્લાના વિવિધ ભાગોમાં વરસાદ વરસ્યો છે. સવારે 4થી 6 વાગ્યા સુધીમાં લગભગ 3 ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે ગણદેવીમાં રાત્રે બે વાગ્યાથી શરૂ કરીને સવારે 6 વાગ્યા સુધીમાં સાડા ત્રણ ઇંચ જેટલો વરસાદ નોધાયો હતો. તો ચીખલીમાં અડધો ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો.

તાપીના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે જિલ્લામાં લાંબા વિરામ બાદ વરસાદી માહોલ જોવા મળ્યો. અહીં વ્યારા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે.

..2... DISTRICT RAIN

ડાંગના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે જિલ્લામાં અત્યાર સુધીમાં મોસમનો કુલ 100 ટકા વરસાદ પડ્યો છે. જિલ્લાનો 30 વર્ષનો સરેરાશ વરસાદ 93.05 ઇંચ છે, જે સમગ્ર - રાજ્યનો સૌથી વધુ છે. આ મોસમમાં  ડાંગમાં વરસાદની ધીમી શરૂઆત થઈ હતી, અને 10 જુલાઈ સુધીમાં 15 ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. જોકે જુલાઈ અંતથી વરસાદની ગતિ વધી હતી  જે ઓગસ્ટમાં ધુઆધાર પડ્યો હતો.

આ તરફ સુરતના વિવિધ જિલ્લાઓમાં પણ વરસાદ વરસી રહ્યો છે. સુરતના અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે ઉમરપાડા તાલુકામાં વહેલી સવારથી વરસાદ વરસી રહ્યો છે. વરસાદને પગલે બલેઠી માંડવી ઝંખવાવને જોડતા રોડ પર વીરા નદીના પાણી ફરી વળ્યા હતા. તો લેવલ પુલ પણ પાણી ફરી વળતા વાહન વ્યવહાર ખોરવાયો હતો.

-------------------